http://www.howtoexam.com

Seat No. : ______________

# FA-20

## GUJARATI Paper-II (F.S.)

Time : 3 Hours] [Max. Marks : 70

**સૂચના :** (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(૨) ઉત્તરવહીમાં પ્રશ્ન અથવા પ્રશ્નનો ક્રમાંક સ્પષ્ટ લખો.
(૩) સ્વચ્છ, વ્યાકરણ-શુદ્ધ, સચોટ અને સુવાચ્ય લખાણ અપેક્ષિત છે.

૧. 'પૃથિવીવલ્લભ' રાજકથા નિમિત્તે પ્રેમકથા છે.'- આ વિધાનને નવલકથાના કથાવસ્તુ સંદર્ભે ચર્ચો. ૧૪

**અથવા**

૧. 'પૃથિવીવલ્લભ' નવલકથાને આધારે નવલકથાકાર મુનશીની સિદ્ધિઓ અને મર્યાદાઓ જણાવો.

૨. નીચેનામાંથી ગમે તે **બે** વિશે ટૂંકનોંધ લખો : ૧૪

(૧) પાદપ્રક્ષાલનનો પ્રસંગ

(૨) લક્ષ્મીદેવીનો પુણ્યપ્રકોપ

(૩) 'પૃથિવીવલ્લભ' નવલકથામાં સંઘર્ષ

(૪) મૃણાલવતીનું પાત્ર

૩. " 'મિથ્યાભિમાન' નાટકમાં લોકનાટ્ય ભવાઈ અને પ્રહસનની સ્વરૂપગત લાક્ષણિક્તાઓનો સમન્વય થયો છે."- ચર્ચો. ૧૪

**અથવા**

૩. " 'મિથ્યાભિમાન' નાટકમાં જીવરામ ભટ્ટનું મિથ્યાભિમાન એમના પતનનું મૂળ છે."- આ વિધાનને કથાવસ્તુ સંદર્ભે ચકાસો.

૪. 'મિથ્યાભિમાન' નાટકમાં રજૂ થયેલ સમાજદર્શનને રજૂ કરી, તેમાંથી પ્રગટ થતા હાસ્ય વિશે સવિસ્તૃત નોંધ લખો. ૧૪

**અથવા**

૪. 'મિથ્યાભિમાન' નાટકની તખ્તાલાયકી વિશે સવિસ્તૃત નોંધ લખો.



University Exam question paper, study materials download from howtoexam.com

http://www.howtoexam.com

૫. (અ) નીચેનામાંથી કોઈપણ **બે** વિધાન પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : ૦૭

(૧) "હવે પૃથ્વી એ વલ્લભ બદલ્યો"

(૨) પારકાનું ભલું કરવાનો આડંબર કરવો એ પણ અહંકાર સંતોષવાનો એક રસ્તો છે.

(૩) "આમ ફાંફાં મારે પૃથિવીવલ્લભ થવાવાનું હતું !"

(૪) "બેટા ! જીવ છોડાય, કંઈ અભિસારિકાને દીધેલાં વચનો તોડાય !"

(બ) નીચેનામાંથી કોઈપણ **બે** વિધાન પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : ૦૭

(૧) જા જા રાંડના, વળી વેદના અર્થ તે થાય કે ?

(૨) 'જમાના નો ભવ બગડી ચૂકયો છે, હવે શો બાકી છે?'

(૩) 'સાસરિયામાં જવું, તે કોઈ તેડવા બોલાવવા આવે અને માનપાન દેખીએ તો જઈએ, નહિ તો ગામ ને પાદર સૂઈ રહીએ.'

(૪) 'અરે ! એ મેલા હાંલ્લામાં તો ભેંસનું મૂતર હતું, ઊના પાણીનું તો પેલું ઊજળું હોલ્લું છે.'

---



University Exam question paper, study materials download from howtoexam.com